# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી–૩૯૬૪૫૦

સંદર્ભઃ–અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૫૩/૨૦૧૯,નવસારી તા.૨૩/૧૨/૨૦૧૯

## પરિપત્ર

**પ્રિન્ટીંગની કામગીરી માટે આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવો લંબાવવા બાબત...**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ફરજ બજાવતાં તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, ઉપરોકત સંદર્ભ પત્રથી પ્રિન્ટીંગની કામગીરી માટે આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવો તા ૦૧/૧૨/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી માન્ય કરવામાં આવેલ હતા. સદરહું ભાવોને વધુ છ માસ એટલે કે, તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે.

પ્રિન્ટીંગની કામગીરી માટે નીચે મુજબની ત્રણ પાર્ટીઓ પાસેથી યુનિવર્સિટીના કેન્દ્રો/વિભાગોની પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકશે. આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવોની નકલ નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા. ૨૯/૦૫/૨૦૨૦ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

| અ.ન | પાર્ટીનુંનામ અને સરનામું | મોબાઈલ/ટેલીફોન નંબર તથા ઈમેઈલ |
|---|---|---|
| ૧ | પ્રિઝમ પ્રિન્ટર્સ એન્ડ પબ્લીશર્સ લિ.<br>૧લો માળ,"પ્રેમસાગર" વલ્લભવાડી બસ સ્ટોપ પાસે, ભૈરવનાથ રોડ, મણીનગર અમદાવાદ–૦૮ | Mo.: 93750 12570<br>Phone : 079-25462088<br>E-mail:prizamprinters@gmail.com |
| ૨ | એશિયન પ્રિન્ટરી<br>તલાટી હોલ પાસે, રાયપુર દરવાજા, રાયપુર, અમદાવાદ–૩૮૦૦૦૧ | Mo. : 98254 76046<br>Phone : 079-22148826<br>E-mail: asianprintery@yahoo.com |
| ૩ | મિરર ઈમેજ પ્રા.લી.<br>એ.સી.ડી.આઈ.જી.,૪૧–૪૦/ઈલેકટ્રોનિક એસ્ટેટ, સેકટર–૨૫,ગાંધીનગર–૩૮૨૦૧૬ | Mo.: 98250 63191<br>Phone : 079-26424188, 26424189<br>E-mail: miplahd@gmail.com |

વધુમાં, પ્રેસ પેનલની શરત નં. ૨૧ મુજબ પ્રેસ પેનલની પાર્ટી દ્વારા જે તે કચેરીમાં બીલ રજૂ કરવામાં આવે ત્યારે બે ટકા લેખે ઈન્કમટેક્ષ અને બે ટકા લેખે જીએસટી ટીડીએસ કાપવાનો રહેશે.

ઉપર્યુકત પરિપત્ર આ કચેરીની નોંધ પર માન.કુલપતિશ્રીની મંજુરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૦૧/૨૦૨૦
નવસારી તા. ૨૯/૦૫/૨૦૨૦

**<u>નકલ સવિનય રવાના પ્રતિઃ</u>**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારુ.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિઃ</u>**

૧. યુનિવર્સિટી હેઠળની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.
૨. ઉપરોકત પ્રેસ પેનલ પાર્ટીઓ (પ્રિન્ટર્સ) તરફ જાણ તથા ઘટતું થવા સારુ